RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૮૯ તા.૧૪–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધના ઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલની તા. ૧૩– ૦૯–૧૧ની અરજીથી સાઉથઝોન એરિયામાં આવેલ બમરોલી પાંડેસરા, પાણીની ટાંકી બગીચાની સામે આવેલ શાક માર્કેટના સ્ટોલમાંથી ખાલી પડેલ સ્ટોલની માહિતીની નકલ આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૪–૧૨–૧૧ ની **SMC/FAP/**૪૮૯/૨૦૧૧–૧૨

શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલની તા.૧૩–૦૯–૧૧ની અરજીથી સાઉથઝોન એરિયામાં આવેલ બમરોલી પાંડેસરા, પાણીની ટાંકી બગીચાની સામે આવેલ શાક માર્કેટના સ્ટોલમાંથી ખાલી પડેલ સ્ટોલની માહિતીની નકલ આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સાઉથઝોન) ના પત્ર નં. સાઉથઝોન/ આરોગ્ય/ ૧૫૮ તા. ૧૫–૧૧–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૪–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા પ્રોસીજર જે પ્રોએકટીવ ડીસ્કલોઝર હેઠળ આવે તેની દફતરી માહિતી નકલ સહ મોકલવા આરટીઆઈ સેલ/૧૩૪૬ તા.૩૦–૧૨–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધના ઝોન) ને પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૧૭૫ તા.૧૯–૧૨–૧૧ થી અરજદારને પત્ર નં.સાઉથઝોન/આરોગ્ય/૧૫૮ તા.૧૫–૧૧–૧૧ થી આપેલ માહિતીની નકલ, અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૩–૯–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદારે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સાઉથઝોન) ના પત્ર નં. સાઉથઝોન/ આરોગ્ય/ ૧૫૮ તા. ૧૫–૧૧–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૪–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જે બાબતે અરજદારની અરજીમાં સાઉથઝોન એરિયામાં આવેલ બમરોલી પાંડેસરા, પાણીની ટાંકી બગીચાની સામે આવેલ શાક માર્કેટના સ્ટોલમાંથી ખાલી પડેલ સ્ટોલની માહિતીની નકલ આપવા બાબત. તેમજ ખાલી પડેલ સ્ટોલ ભાડે/વેચાણે લેવા માટે કરવાની પ્રોસીઝર ની માહિતીની નકલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી સાઉથઝોન એરિયામાં આવેલ બમરોલી પાંડેસરા, પાણીની ટાંકી બગીચાની સામે આવેલ શાક માર્કેટના સ્ટોલમાંથી ખાલી પડેલ સ્ટોલની સંખ્યા કુલ ૩૮ છે. તેવુ સમય અવધિ બાદ જણાવેલ. અરજદારે અપીલ અરજી દરમ્યાન શાક માર્કેટમાં કુલ ૩૮ સ્ટોલ ખાલી પડેલ છે. પરંતુ તે સ્ટોલની નંગ મુજબ તેની વેચાણ કિંમત તેમજ જો ભાડે રાખવી હોય તો કોઈ એક મુજબની કિંમત તેમજ તે ખરીદી અથવા ભાડે બાબતની અને હપ્તે લેવી હોય તો પ્રોસીઝર ની માહિતી આપવામાં આવેલ નથી. તેવી રજુઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારે માંગેલ સ્ટોલ વેચાણ કે ભાડે મેળવવાને લગતી કલમ–૪ (ડી) મુજબ સ્વયં પ્રકાશીત કરવા જોગ માહિતી અરજદારને પુરી પડાયેલ નથી કે માહિતીના ઈન્કાર માટે કાયદાની કલમ ૮, ૯ કે ૧૧ હેઠળના કોઈ અપવાદ જણાવેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૩–૦૯–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી સ્ટોલ વેચાણ કે ભાડે રાખવાની પ્રોસીઝરની પ્રોએકટીવ ડીસ્કલોઝર હેઠળની નહીં પુરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દફતરી ઉપલબ્ધ વિગતે પુરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધના ઝોન)ને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધના ઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલ,